*(આદ્ય આચાર્યપ્રવર જીવનપ્રાણ શ્રી મુક્તજીવન સ્વામીબાપા વિરચિત શ્રી હરિજ્ઞાનામૃત કાવ્યમાંથી ઉદ્ધૃત કરેલ કીર્તનો)*

# અમૃતબિંદુ ભાગ - ૧


૧ જય દિવ્ય મૂર્તિ ઘનશ્યામ
૨ વ્હાલા વિનંતી સુણી અમારી
૩ શ્રીજી મૂર્તિના સુખમાં ઝીલાવશો
૪ ઘનશ્યામ સલુણા શ્યામળા રે
૫ શ્રીજી મૂર્તિમાં અમને રાખજો
૬ શુભ સ્વામિનારાયણ નામ લહો
૭ સ્વામિનારાયણ પ્રાણથી પ્યારા
૮ તેજના સમૂહમાં, શ્રીજી દર્શન
૯ જીવનમેં ધ્યાનકી જ્યોત જગાના
૧૦ મૂર્તિમાં રહીને નિરખીએ રે
૧૧ મૂર્તિ કેવી મળી તેનો ખ્યાલ કરો
૧૨ સુખમય તોરી મૂર્તિ અજબ હૈ
૧૩ સ્વામિનારાયણ ઘનશ્યામ
૧૪ સ્વામિનારાયણ ભગવાન બીજો કોઈ નહિ
૧૫ મળી મૂર્તિ હાં હાં રે
૧૬ આવ્યા છે રે આવ્યા છે શ્રીજી મૂર્તિમાં
૧૭ સર્વોપરિ ને સદા પ્રગટ છે
૧૮ ધર્મનંદન ભક્તિના જાયા રે
૧૯ કર જોડી વહાલા કર જોડી
૨૦ મારા છેલ છબીલા શ્યામ
૨૧ ધ્યાનમાં સુખડાં આપો
૨૨ ખમ્મા મારા પ્યારા ઘનશ્યામ
૨૩ ચિદ્ઘન તેજમાં શોભી રહ્યા રે
૨૪ વંદન કરું શ્રીજી પ્રાણપ્યારા
૨૫ સુંદર મૂર્તિ અતિ સુખકારી


© Copyright 2002, Shree Swaminarayan Gadi Sansthan Maninagar

# ધાર્મિક પરીક્ષા
# ત્રીજી કસોટી
## નમૂનાનું પ્રશ્નપત્ર

અભ્યાસક્રમ :- શિક્ષાપત્રી - ગુણ ૭૦ (સિત્તેર)
અમૃતબિન્દુ ભાગ-૧ - ગુણ ૩૦ (ત્રીસ)

*(સમય: ૩ કલાક)* *(કુલ ગુણ : ૧૦૦)*

**સૂચનાઃ પાસ થવા માટે ૫૦ % ગુણ મેળવવા આવશ્યક છે.**

*પ્ર-૧ (અ) શિક્ષાપત્રીને આધારે નીચેના શ્લોકો સંસ્કૃતમાં પૂર્ણ કરો.(ગમે તે પાંચ)* ૧૦

(૧) **वामे यस्य स्थिता**......................॥१॥
(૨) **ये पालयन्ति**..........................॥८॥
(૩) **प्रोक्तास्ते निर्गुणा**....................॥५९॥
(૪) **नोरौ कृत्वा**..........................॥७०॥
(૫) **धर्मो ज्ञेयः**.........................॥१०३॥
(૬) **गालिदानं**..........................॥२०१॥
(૭) **निजाश्रितानां सकलार्ति**............॥२१२॥

*અથવા*

*(અ) ગુજરાતીમાં ભાષાંતર લખો. (ગમે તે પાંચ)*

(૧) હું જે તે મારા......................॥૧॥
(૨) અને શ્રીમદ્ ભાગવત..............॥૮॥
(૩) અને નિર્ગુણ કહેતાં...............॥૫૯॥
(૪) અને ગુરુ, દેવ ને રાજા એમને....॥૭૦॥
(૫) અને શ્રુતિ સ્મૃતિ તેમણે..........॥૧૦૩॥
(૬) અને તે સાધુ ને બ્રહ્મચારી........॥૨૦૧॥
(૭) અને પોતાના આશ્રિત...........॥૨૧૨॥

*(બ) નીચેની ખાલી જગ્યા પૂરો.* ૧૦

(૧) શિક્ષાપત્રીમાં શ્લોકોની સંખ્યા ......... છે.
(૨) ......... એ મોટો ધર્મ છે.
(૩) ......... તથા ......... ના સંસર્ગવાળું ઔષધ ન ખાવું.
(૪) ......... , ......... તથા ......... સાથે વિવાદ ન કરવો.
(૫) સુવાસિની સ્ત્રીઓએ ભાલમાં ......... નો ચાંદલો કરવો.
(૬) સમદૃષ્ટિએ કરીને ......... નું ઉલ્લંઘન ન કરવું.
(૭) શ્રીમદ્ ભાગવતનો પંચમ સ્કંધ ......... અને દશમ સ્કંધ ......... છે.
(૮) ......... અને ......... એ બે વિના વિદ્વાન પણ અધોગતિને પામે છે.
(૯) આચાર્યે કોઈ જીવને વિશે ......... ન કરવું અને કોઈની ......... ન રાખવી.
(૧૦) વિદ્યાદાને કરીને મોટું ......... થાય છે.
(૧૧) ગૃહસ્થાશ્રમી પુરુષે પોતાની ......... નું દાન ન કરવું.
(૧૨) આવકને અનુસાર જ ......... કરવો.
(૧૩) ધનાઢ્ય ગૃહસ્થ સત્સંગીએ હિંસાએ રહિત ભગવાનના ......... કરવા તથા મંદિરને વિશે મોટા ......... કરાવવા.

*પ્ર-૨ (અ) નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. (ગમે તે દસ)* ૧૦

(૧) શિક્ષાપત્રીના રચયિતા કોણ છે ?
(૨) શિક્ષાપત્રીની ગુજરાતી ટીકા-ભાષાંતર કોણે કર્યું છે ?
(૩) સધવા સ્ત્રી કોને કહેવાય ?
(૪) સાધુ કોને કહેવાય ?
(૫) સાધારણ ધર્મ એટલે શું ?
(૬) આત્મઘાત એટલે શું ?
(૭) સત્સંગીએ કયા કયા ધર્મનું આચરણ ન કરવું ?
(૮) કેવું સત્ય વચન ન બોલવું ?
(૯) કયા સ્થાનોને વિશે મળમૂત્ર ન કરવું ?
(૧૦) કેવાં વસ્ત્ર ન પહેરવાં ?
(૧૧) જમીન અને ધનની લેણદેણ કેવી રીતે કરવી ?
(૧૨) સત્સંગીએ શું શું છાનું ન રાખવું ?

© Copyright 2002, Shree Swaminarayan Gadi Sansthan Maninagar

*(બ) નીચેના પ્રશ્નોના જવાબ આપો. (ગમે તે પાંચ)* *૧૦*

(૧) નૈષ્ઠિક બ્રહ્મચારી કોને કહેવાય ?

(૨) આત્મનિવેદી ભક્તને કયા હેતુથી નિર્ગુણ કહ્યા છે ?

(૩) આચાર્ય કોને કહેવાય ?

(૪) ઉપવાસ વિનાશક હેતુઓ કયા ?

(૫) શ્રાદ્ધ એટલે શું ?

(૬) શ્રી સ્વામિનારાયણ ભગવાનના ભક્તે કયા સ્વરૂપનું ધ્યાન કરવું ?

(૭) શ્રી સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રી ઉપર કેવા આશીર્વાદ આપ્યા છે ?

*(ક) માગ્યા પ્રમાણે કરો. (ગમે તે બે)* *૧૦*

(૧) કૃષ્ણ શબ્દનો પ્રત્યક્ષાર્થ સમજાવો.

(૨) નારાયણ અને શિવજી તે બન્નેનું એકાત્મપણું જ જાણવું; તેનો પ્રત્યક્ષાર્થ સમજાવો.

(૩) દ્વારિકા આદિક તીર્થની યાત્રા કરવી; તેનો પ્રત્યક્ષાર્થ સમજાવો.

*પ્ર-૩(અ) નીચેનામાંથી નિબંધ લખો.(ગમે તે એક)(આશરે ૨૫ થી ૩૦ લીટીમાં)* *૧૦*

(૧) શિક્ષાપત્રી - જીવન જીવવાની જડીબુટ્ટી

(૨) શિક્ષાપત્રી - સર્વજીવહિતાવહ

(૩) શિક્ષાપત્રી - ધર્મ-અર્થ-કામ અને મોક્ષની પથદર્શિકા

*(બ) નીચેનામાંથી ટૂંકનોંધ લખો. (ગમે તે બે)* *૧૦*

(૧) સવારે જાગ્રત થયા પછી પૂજા પર્યંતનો વિધિ.

(૨) રાજાના વિશેષ ધર્મ.

(૩) શિક્ષાપત્રીના શ્લોકોનું વિભાગીકરણ.

*પ્ર-૪(અ) નીચેની પંક્તિઓ પૂર્ણ કરો. (ગમે તે પાંચ)* *૧૦*

(૧) મૂર્તિમાં સુખ છે અપરંપારા......

(૨) પુરુષોત્તમ શું ઘણી પ્રીત કરો.....

(૩) હાસ્યભરી મુખ ચંદ્રમા રે........

(૪) ષડાંગ સહ વેદો અને..........

(૫) આત્યંતિક કલ્યાણ કરવાનાં......

(૬) આ લોકનાં દુઃખ કાપો છો.......

© Copyright 2002, Shree Swaminarayan Gadi Sansthan Maninagar

*(બ) નીચેનાં કીર્તનો સંપૂર્ણ લખો. (ગમે તે બે)* ૧૦

(૧) સર્વોપરિ ને સદા પ્રગટ છે,

(૨) ધ્યાનમાં સુખડાં આપો શ્યામ,

(૩) વંદન કરું શ્રીજી પ્રાણપ્યારા,

*પ્ર-૫ નીચેની પંક્તિઓ સવિસ્તાર સમજાવો. (ગમે તે બે)* ૧૦

(૧) અવતાર સકલના સ્વામી, સહુ ધામતણા એ ધામી;
રાખી અવતારીનું ધ્યાન, બોલો મૂર્તિ ધારી નામ.

(૨) કામ ક્રોધ લોભ આળસ નિદ્રા, લૂટત ભજન હવેલી;
દેહાભિમાન શત્રુ પાડત હૈ, ઈમારતો ચણેલી, તેરી ઈમારતો ચણેલી;
હમ પોકે જાગ્રત હોકે, સબકી રક્ષા કીજે મોરાર રે.....

(૩) પ્રાપ્તિ પૂરી કૃપાએ કરાવી, સ્થિતિને રાખી અધૂરી;
તે પણ તારી કૃપાએ જ થાશે, જાણ્યું અમે ભયહારી. શ્યામ......

© Copyright 2002, Shree Swaminarayan Gadi Sansthan Maninagar